શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62

જાન્યુઆરી-૨૦૧૭ અંક - ૧ વર્ષ ૫૪ સળંગઅંક ૪૩૮
માસિક કિમંત-૧૦/-રૂા. વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

Welcome 2017



## નવયુગ શુભેચ્છક
## ઓગણીસમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં
કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના
આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી,
આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા......
પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા
અમો સહુને શકિત અર્પે

**સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી**
**રાજપીપલા**

જન્મ : ૧૭.૪.૧૯૧૮ સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮
ચૈત્ર સુદ ૭, ગુરૂવાર પોષ સુદ સાતમ, રવિવાર

### અર્પણકર્તા

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2010-2030

## આપ બન્નેને અમારી સૌની વંદના



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
જ.તા. ૧.૧.૧૯૨૮
સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨(૮૪ વર્ષ)

સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી
જ.તા. ૧.૧.૧૯૩૪
સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧ (૭૭ વર્ષ)

## નવયુગ શુભેચ્છક

સ્નેહભીની કરુણામયી માતા ચરણે શરણ દીજે,
બીલખ રહે હમ શિશુ સુત તેરે દયા દ્રષ્ટિ કીજે,
જય માતાદી.... જય માતાદી.....
જય માતા કી જય હો....
નવલું વર્ષ તંદુરસ્તમય, તાજગીમય અને
આનંદમય બની રહો એજ પ્રાર્થના
સર્વે જ્ઞાતિજનોને અમારા

**વર્ષ ૨૦૧૭ના સાલમુબારક**

કિરણ મણીલાલ પંચોલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી
અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી
અક્ષર જયેશભાઈ ગાંધી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સૅન્ટર સામે, પ્લૉટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

2010-2030

## પ્રથમ વર્ષગાંઠ



ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી
પ્રથમ વર્ષગાંઠ તા. : ૯ જાન્યુઆરી-૨૦૧૭
ફુલોની જેમ મહેકતું રહે જીવન તારું...
જન્મ દિવસના અભિનંદન..
સહ શુભાશિષ

## પરિણયની પગદંડીએ ડગ ભરતાં



અ.સૌ. હેતલ અક્ષર ગાંધી
અક્ષર જયેશભાઈ ગાંધી
(લગ્ન તા. ૨૧ નવેમ્બર-૨૦૧૬)
નું જીવન ખુશીઓથી મહેંકતુ રહે
એવી હાર્દિક શુભેચ્છાઓ....

### અર્પણકર્તા

કિરણ મણીલાલ પંચોલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી
અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સૅન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મોબાઇલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

# કાવ્યો

## ચેતીને માંડજો કદમ

અધર પર પ્રભુ સ્મરણ, કીંતુ અંતરમાં હૃદય મલિનતા,
એવા માનવીના જીવનમાં, ક્યાંથી આવે પવિત્રતા.

નિર્મળ નીરનાં ઝરણાં, છતાં પાઇ વિષ હડહડતાં,
એવા અસંસ્કારી જીવોને, ક્યાંથી મળે ભોજન ભાવતા.

આભમાં પ્રકાશમય ચાંદની, ધરતી પર અંધકારમયતા,
ઈર્ષાળુને ક્યાંથી માર્ગ સુઝે, અન્યના દુઃખો પર જે મલકતાં,

વસંતના ચમનનાં પુષ્પો, સુમધુર મહેંકથી મહેકતા
પાનખરમાં ઉપવન ઉજ્જડ, પરીમલ વિના તડપતા.

યુવાનીમાં ઉડાવી મોજમસ્તી, ઘડપણમાં પ્રશ્ચાતાપ કરતા.
જીવન ચાર દિનની ચાંદની, ઈજ્જતને આબરૂ સાચવતા

ચેતીને માંડજો કદમ, કંટકછાય પથ જિંદગી,
સદ્‌વિચારોમાં રહી મગન, જીવનભર રહો હસતા.

જીવન સાપસીડીની રમત, કદી પ્રગતિ કદી પતન,
અંતિમ સમયે વિતાવો જીવન, પ્રભુજીને ભજતાં ભજતાં

હરીશભાઇ સી. પંચોલી-સુરત

## સંબંધોના જાળા..

સંબંધોના જાળામાં એવો ગુંચવાય ગયો છું.
ખૂદ મુજ મન થકી હું મુંઝાય ગયો છું.
સંબંધો કેવા બાંધ્યાને વિસરાયા.
પોતાના થકી જ પારકો ગણાય ગયો છું..

ભક્તિ ભજનમાં રસ રહ્યો નથી જગને.
નાચ-ગાણાં મહીં જ હું છલકાય ગયો છું.
લાગણી થી દેખ્યા'તા સોનેરી સપના
શત્રુ તણાં ટોળા માંહી અટવાય ગયો છું.

જગના રીત રીવાજો ગયા છે બદલાય
આપણાં થકી જ હું દુભાગ ગયો છું..
ડર નથી પાપનો પામર જગે માનવને
ખોટન સાગરના વહેણમાં તણાય ગયો છું.

હશે કુદરતને માનવી તણી સંવેદના મંજુર
'અધીર' ખોટા ચક્રવ્યુહમાં હું ચકરાય થયો છું..

અમૃત સી. પંચોલી-'અધીર' મુંબઇ

## નવયુગ શુભેચ્છક

# આઠમી પૂણ્યતીથીએ ભાવભરી શ્રદ્ધાંજલી



**અક્ષરવાસી**

**ગં.સ્વ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી**

**જન્મ તા. ૬.૮.૧૯૨૮ અ.વા.તા. ૨૧.૧.૨૦૦૯**

ખરેખર 'મા' આજે પણ તમારા વ્હાલના
દરિયા સમી આઠેય દિકરીઓ તમારી
સતત હૂંફ ઝંખે છે. ફોન કરતાં જ 'દિકરા'
અને 'બેટા' જેવા શબ્દો સાંભળવા
અમારા કાન તલસી રહ્યા છે.
પ્રેમાળ અને સદા હસતો ચહેરો
આજે પણ આંખની સમક્ષ તરતો રહે છે,
સાથે એ હૃદયમાં હજી પણ એવો ને એવો અકબંધ છે.
તમારા પ્રેમાળ અને સ્નેહભર્યા સ્પર્શને ઝંખતી
તમારી વ્હાલના દરિયા સમી દિકરીઓ

પદમા, ધર્મિષ્ઠ(જયોતિ), માયા, પ્રવિણા,
હેમા, ગીતા, સોનલ, અલોકી
તથા પરિવારજનો....

2010-2030

## નવયુગ શુભેચ્છક

# સાતમી પૂણ્યતિથિએ.....હૃદયાંજલિ



**સ્વ. કૃષ્ણકાંત ઉત્તમરામ મારફતીઆ**

**જન્મ : ૨૦.૯.૧૯૫૪ સ્વર્ગવાસ : ૧૩.૧.૨૦૧૦**

'આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યુ જીવન,
પરોપકારી સેવાભાવી સ્વભાવ, શિક્ષણ આપવાના-વધારવાના
સતત પ્રયાસો તથા સચ્ચાઈ અમારા પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે
ને રહેશે.' આપના દેહવિલયને આજે છ વર્ષ પૂરા થયા છે,
ત્યારે પ્રભુ આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ બક્ષે એજ પરિવારની પ્રાર્થના.....

## અર્પણકર્તા

ગં.સ્વ. જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ
ગં.સ્વ. નિર્મળાબેન યુ. મારફતીઆ
નિરજકુમાર કે. મારફતીઆ   સ્વાતિ નિરજ મારફતીઆ
ચિ. પ્રાર્થવી નિરજ મારફતીઆ   ચિ. આર્યન નિરજ મારફતીઆ
હર્ષકુમાર કમલેશભાઇ શાહ   મેઘના હર્ષકુમાર શાહ
શ્રી અનિલકુમાર યુ. મારફતીઆ   શ્રીમતિ વાસંતીબેન એ મારફતીઆ

૪૧/૭, 'શ્રી કૃષ્ણ વિહાર'
સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,
અઠવા લાઇન્સ, સુરત – ૩૯૫ ૦૦૭
(ઘર) + ૯૧–૨૬૧–૨૨૫૭૨૬૪
મો. : ૯૩૨૭૯ ૩૧૫૨૫

2010-2030

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

જાન્યુઆરી-૨૦૧૭

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઈન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

## તંત્રી નોંધ....

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

વ્હાલા જ્ઞાતિજનો..

આપ સૌ કુશળ હશો. ઈ.સ. ૨૦૧૬નું વર્ષ મીઠાં અને માઠા પગલા મૂકીને વિદાય થઈ ગયું ત્યારે આયખાની અલમારીમાંથી એક વર્ષ ઓછુ થયાનો ભાવ અનુભવી એક નવુ વર્ષ આવી ચૂક્યું એના હરખ સાથે આપણે એને વધાવીએ... ગયા વર્ષોની યાદોને., આપણાથી થઈ ગયેલી ભૂલોને ડીલીટ કરી દઈએ. આપણે કોઈ નવી વસ્તુને પ્રવેશ જ આપવા તૈયાર નથી. ભુતકાળની યાદોમાંથી આપણે કંઈક નવુ શીખવાનું છે. થોડું ભુલવાનું છે અને પછી પાછુ આગળ વધવાનું છે.

રોજ નવો સૂર્યોદય થાય છે. રોજ વૃક્ષોમાં નવા પાન પ્રગટે છે. રોજ પંખીઓ નવા ટહૂકા કરે છે. રોજ નવો દિવસ ઉગે છે. વીતેલી વાતોને વીસરીને રોજ પ્રફુલ્લિત કેમ ન રહેવું ? વહેતી નદીમાં હાથ ઝબોળો. એક ક્ષણમાં હજારો જલબિંદુઓ હાથને સ્પર્શીને વહી જાય છે. સમયની રેતી એ રીતે સતત સરકતી રહે છે... વિખ્યાત સૂફી શાયર ઉમર ખય્યામે બહુ સરસ લખ્યુ છે.......

દિન ગયો વીતે એની નકામી યાદ કાં ?
જે હજી આવી નથી એ કાલની ફરીયાદ કયાં ?
આમ ના એળે જવા દે ખાસ ઘડીઓ આજની
સાર છોડીને અસારે થાય છે બરબાદ કાં ?

જૂના રાગદ્વેષો ભૂલી નવા વર્ષથી નવો વ્યવહાર શરૂ કરવો.. 'જાગ્યા ત્યાંથી સવાર' અને 'ભૂલ્યા ત્યાંથી ફરી ગણો' આ નવા સૂત્રો નવા વર્ષના હોવા જોઈએ. નવા વર્ષે કરેલા સંકલ્પો એ માત્ર સંકલ્પો ન રહેતા જીવનમાં સાકાર બને તો ગમે એવી બગડેલી બાજી સુધરી શકે છે અને માનવ માનવતાના ઉત્તુંગ શીખર આંબી શકે છે. આથી કહેવાનું મન થાય છે કે....

નવા વરસે નવા સંકલ્પો, નવા નિર્ણયો લેવાશે...
નવું ધ્યેય લઈ આગળ ધપશો, નવુ વર્ષ તો કહેવાશે......

જૂના રાગદ્વેષો ભૂલીને નવજીવનની પ્રેરણા આપનાર, લોહીના કણેકણમાં આશા અને ઉત્સાહનો સંચાર કરી આપણને નિત્ય યુવાન રહેવાનો સંદેશો આપતા ઈ.સ.૨૦૧૨નું નવુ વર્ષ સહુને નવજીવનની દીક્ષા આપનારું બની રહે.....

તા. ૨૫.૧૨.૧૬નો નવસારીનો 'ક્રિકેટ ટુર્નામેન્ટ' નવયુવાનોની ધગશ અને લગનના પરીણામે નાનુ એકમ હોવા છતાં સુંદર અને સફળ આયોજન કરીને દરેક એકમ માટે એક ઉદાહરણરૂપ બન્યા છે.... પંચોલી જ્ઞાતિ પંચ નવસારીના પ્રમુખશ્રી દિપકભાઈ અને તેની ટીમને ખુબ ખૂબ અભિનંદન.. રમનાર દરેક ટીમને પણ અભિનંદન અને છેલ્લે વિજેતા ટીમ

સુરત અને રનર્સ અપ ટીમ વડોદરાને ખૂબ ખૂબ અભિનંદન... બન્ને ટીમ રમતગમત ક્ષેત્રે પ્રગતિના સોપાનો સર કરે એવી શુભેચ્છાઓ...

દરેક એકમો તો ધીરે ધીરે નિષ્ક્રિય થતા જાય છે તો સાથે સાથે નવયુગ પ્રત્યે પણ લોકો નિરસ બનતા જાય છે એવું લાગી રહ્યું છે. જ્ઞાતિજનો ૧ થી ૫ વર્ષના બાળકોને હેપી બર્થડે માટેના, લગ્નના, મરણના, ૫૦મી અને ૭૫મી વર્ષગાંઠ, લગ્નજીવનની ૨૫મી અને ૫૦મી એનીવર્સરીના ફોટાઓ નવયુગ ફીમાં છાપે છે છતાં મોકલવા માટે પણ નિષ્ક્રિય બની ગયા છે. જો એકમોની સક્રિયતા માટે મનન અને મંથન જરૂરી છે.. સાથે સાથે નવયુગ માટે પણ ચિંતન કરવાનું ભુલશો નહીં....કારણ નવયુગ આપણને જોડતી સાંકળ છે.. જો સાંકળ જ છુટી પડી જશે તો સમાજ વિખરાય જશે... સૌ જુદા થઇ જશે....તો જ્ઞાતિજનો નવયુગને સદા પલ્લવિત રાખવું એ આપણી સૌની ફરજ છે...તો ચાલો નવા વર્ષે સંકલ્પ કરીએ નવયુગને સમૃદ્ધ બનાવીએ...... અસ્તુ

## પ્રમુખ નોંધ.....

મનિષભાઇ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

આવનારૂ ૨૦૧૭ નું વર્ષ સર્વે જ્ઞાતિજનોને સુખદાયી, લાભદાયી અને મંગલકારી નિવડે એવી શુભેચ્છાઓ પાઠવું છું. સર્વે જ્ઞાતિજનોને

" ***HAPPY NEW YEAR*** "

નવસારી મુકામે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત શ્રી નવસારી પંચોલી પંચ ધ્વારા આયોજિત 'ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૬' તા. ૨૫.૧૨.૨૦૧૬નાં રોજ યોજવામાં આવી જેમાં વડોદરા, નવસારી, અંકલેશ્વર, સુરત, મુંબઇ, વ્યારા, રાજપીપળા અને પાલ વિભાગ ની કુલ ૮ ટીમો એ ભાગ લીધો સર્વે ટીમને હું હાર્દિક અભિનંદન આપુ છું. ખુબજ શાંત વાતાવરણમાં અને ખેલદીલીપૂર્વક દરેક ટીમ રમીને સૌ જ્ઞાતિજનોને આનંદીત કર્યા. સૌ જ્ઞાતિજનોએ ખૂબ જ મઝા માણી સુંદર આયોજન અને ખૂબ જ સારી વ્યવસ્થા નવસારી પંચનાં પ્રમુખશ્રી દિપકભાઇ તથા જતીનભાઇ અને સમીરભાઇ અને નવસારીની ટીમે કરી સૌ જ્ઞાતિજનો અભિનંદનને પાત્ર છે હું નવસારી એકમનાં તમામ જ્ઞાતિજનોને હાર્દિક અભિનંદન પાઠવું છું અને મહામંડળ વતી સૌનો આભાર માનુ છું. દરેક ટીમો ખૂબ જ સુંદર રીતે રમી. જેમાં સુરતની ટીમ વિજેતા બની સુરત ટીમને હાર્દિક અભિનંદન, વડોદરાની ટીમ પણ ખૂબ જ સારી રીતે રમી અને ફાઇનલ માં આવી, રનર્સઅપ વડોદરા ટીમને પણ હાર્દિક અભિનંદન પાઠવું છું. ફરી નવસારી એકમના તમામ કાર્યકર મિત્રોનો હાર્દિક આભાર.

આગામી ડિસેમ્બર-૨૦૧૮ માં ક્રિકેટ ટુર્નામેન્ટ રમાડવા માટે સુરત એકમનાં શ્રી મુકેશભાઇ, શ્રી ધવલભાઇ તથા શ્રી ઉમેશભાઇએ તૈયારી બતાવી છે સુરત એકમના તમામ કાર્યકર મિત્રોનો આભાર માનુ છું. હવે આપણે સૌ ક્રિકેટ સ્પર્ધા માટે ડિસેમ્બર-૨૦૧૮ માં સુરત મુકામે મળીશુ. સર્વે ટીમ ખૂબ સારી પ્રેકટીસ કરે અને વિજેતા બને તે માટે સૌ ટીમને તૈયારી કરવા માટે વિનંતી કરૂ છું.

સમાજનાં નાના-મોટા કાર્યક્રમો થતાં રહે અને આપણો સમાજ એક પરિવાર ની જેમ ભેગો થતો રહે એ માટે આવા કાર્યક્રમો થવા જોઇએ. હવે તા. ૧૯-૦૨-૨૦૧૭ ના રોજ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત સ્વયંમ સુરત આયોજિત 'ઉડાન-૨' નું આયોજન કરવામાં આવેલ છે જેમાં દરેક એકમમાંથી મોટી સંખ્યામાં યુવાન મિત્રો ભાગ લે તે માટે વિનંતી કરૂ છું. બિલીમોરા એકમ માં યુવા સંગઠનની રચના કરવામાં આવી. બિલીમોરા ટીમને હાર્દિક અભિનંદન, બીજા જે એકમોમાં યુવાન સંગઠનની રચના થઇ ન હોય તેવા એકમો સત્વરે યુવા સંગઠનની રચના કરે તે માટે એકમનાં હોદ્દેદારો અંગત રસ લઇ યુવાનોને પ્રોત્સાહીત કરી સમાજ સાથે જોડાવવા માટે યુવાનોને પ્રેરણા પૂરી પાડશો એવી વિનંતી કરૂ છું.

રાજપીપળા એકમમાં પણ નવી ટીમ શ્રી જયેશભાઇ પંચોલીના નેતૃત્વ માં આવી છે નવી ટીમને હાર્દિક અભિનંદન પાઠવું છું.

નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/-નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ..

પાલ વિભાગ માં નાનુ સરખુ અધિવેશન- સ્નેહમિલન કાર્યક્રમ થાય તેવા આયોજન અંગે પાલ વિભાગ ના કાર્યકરોને વિનંતી કરૂ છુ. અસ્તુ.

સત કૈવલ સાહેબ

# શ્રદ્ધાંજલી



**કૈવલધામ વાસી મહેન્દ્રભાઈ કાળીદાસ પંચોલી**
**જન્મ : ૦૮,૦૫,૧૯૪૯**
**કૈવલધામ વાસ : માગસર વદ છઠ ને સોમવાર તા. ૧૯.૧૨.૨૦૧૬**

કદી પિતાના સ્વરૂપે તો કદી મિત્રના સ્વરૂપે તમારો હાથ અમારા ઉપર છે આર્શીવાદ રૂપે..
નાના હતા અમે અને ઓછી હતી સમજ, તો પણ કર્યો અમારા પ્રેમ પર વિશ્વાસ
તમે પ્રેમ, અને સંસ્કારોનું સિંચન કર્યુ, તમે જેનું હૃદય છે વિશાળ,
એમને ભેટ સ્વરૂપે શું આપીએ ?
બસ પ્રભુને એટલી જ પ્રાર્થના...કે હર જન્મ મળો પિતા તમે જ....

## અર્પણકર્તા

ગં.સ્વ. જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ પંચોલી

ધવલ એમ. પંચોલી-પુત્ર — હેતલ ડી. પંચોલી-પુત્રવધૂ
અમિષા કે. મિસ્ત્રી-પુત્રી — કલ્પેશ જે. મિસ્ત્રી-જમાઈ (મીરારોડ)
કૃપા આર. શાહ-પુત્રી — રીતેશ આર. શાહ-જમાઈ(વ્યારા)
મોનલ સી. શાહ-પુત્રી — ચિરાગ જે. શાહ-જમાઈ(સુરત)
પ્રનીલ ડી. પંચોલી-પૌત્ર — વર્ષિલ આર. શાહ (દોહીત્ર)
પલક કે. મિસ્ત્રી-દોહિત્રી ખુશી સી. શાહ-દોહિત્રી
દિયા આર. શાહ-દોહિત્રી

## પંચોલી રેડિયો એન્ડ ઈલેક્ટ્રોનિકસ

**મેઈન બજાર, વ્યારા, જિ. તાપી**
**ફોન : ૦૨૬૨૬–૨૨૦૫૨૫, મો. : ૯૮૨૫૯ ૫૧૫૧૨, ૯૪૨૭૫ ૮૮૨૨૨,**

Jai Jalaram








**Dr. Mrs. Falguni Siddharth Pachchigar**

*W/o. Siddharth Pachchigar*

*has successfully completed with Distinction (A+) in Diploma in Healthcare Managemaent level 7 in Auckland, NEW ZELAND.*

**Congratulations From Family**

***Late Mr. Ratilal Nathubhai Pachchigar***
***Late Mrs. Kailashben Ratilal Pachchigar***
***Mr. Paresh Ratilal Pachchigar***
***Mrs. Anjali Paresh Pachchigar***
***Mr. Sidhdharth Paresh Pachchigar***
***God Bless you...............***
***Vyara***

# પ્રથમ પૂણ્યતિથીએ હૃદયાંજલી



કૈવલધામવાસી શારદાબેન ચંપકલાલ પંચોલી
તા. ૨૨-૦૬-૧૯૩૫ ♦ ૦૮-૦૧-૨૦૧૬

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના, પ્રેમ, દિર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃત્તિ, આપના સમગ્ર જીવનમાં કામ પ્રત્યેની કર્તવ્ય નિષ્ઠા, તનતોડ મહેનત કરવાના આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી. આપ લીલી વાડી મુકી કૈવલધામ વાસી થયા... પરમાત્મા આપના દર્શાવેલ પથ પર પદાર્પણ કરવાની અમો સૌને શકિત અર્પે એજ પ્રાર્થના..

**અર્પણકર્તા**

ભરતકુમાર ચંપકલાલ પંચોલી આનંદીબેન ભરતકુમાર પંચોલી
પલક ભરતકુમાર પંચોલી
નિરવકુમાર નરેન્દ્રકુમાર પંચોલી નિધિ નિરવકુમાર પંચોલી
ચિ. દિઆ નિરવ પંચોલી
શ્રી ચંપકલાલ દામોદરદાસ ગાંધી
સ્નેહકુંજ કોલોની, વ્યારા. જિ. તાપી ફોન : ૦૨૬૨૬ - ૨૨૧૦૦૪

હરીશચંદ્ર ચંપકલાલ પંચોલી
રેખાબેન હરીશચંદ્ર પંચોલી
ચિ. ભાવિક હરીશચંદ્ર પંચોલી
નિતેશકુમાર એન. મોઢા
અલ્પા નિતેશકુમાર મોઢા
ચિ. ક્રિઆન નિતેશકુમાર મોઢા
યુ.કે.

કનુભાઈ હિંમતલાલ પંચોલી
ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
ચિ. પાર્થ કનુભાઈ પંચોલી
ચિરાગકુમાર વિજયકુમાર મપારા
શ્રુતિબેન ચિરાગકુમાર મપારા
ચિ. સવ્ય ચિરાગકુમાર મપારા
પાચી-જેતપુર

નવુ વર્ષ સિદ્ધિ-રિદ્ધિ અને સમૃદ્ધિ પ્રદાન કરે
એજ હાર્દિક શુભેચ્છાઓ



**ચિ. ક્રિયાંશ ધર્મેશકુમાર કોઠારી**

બંકિમ નટવરલાલ પંચોલી
ચૌલા બી. પંચોલી
પાર્થ બી. પંચોલી પૃથ્વી બી. પંચોલી
ધર્મેશકુમાર એમ. કોઠારી મૌસુકી ધર્મેશકુમાર કોઠારી
ચિ. ક્રિયાંશ ધર્મેશકુમાર કોઠારી
૬, સ્પ્રિંગ ફિલ્ડ, લાડ સો.ની બાજુમાં
વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૫૪
ફોન : ૦૭૯-૪૦૦૩૫૫૦૮ મો. : ૮૪૬૯૨૮૨૬૨૮

## નૂતન વર્ષાભિનંદન

નવુ વર્ષ ૨૦૧૭ના મંગલ પ્રભાતે દેશ-વિદેશમાં
વસતાં પંચોલી સમાજના સર્વે જ્ઞાતિજનો,
સ્વજનો, વડિલો અને સ્નેહીજનોને
નૂતન વર્ષ ફળદાયી અને યશસ્વી નિવડો એજ પ્રાર્થના



શ્રી અરૂણભાઇ ચંદુલાલ પંચોલી-૯૯૭૪૭૦૩૮૪૪
ભુરીબેન અરૂણભાઇ પંચોલી
ધરા અરૂણભાઇ પંચોલી-MSc.
એ-૩, કૃષ્ણપાર્ક ડુપ્લેક્ષ, મધર્સ સ્કૂલ પાસે,
ગોત્રીરોડ, વડોદરા

॥ ૐ શ્રી ગણેશાય નમ : ॥ ॥ શ્રી ગાયત્રી દૈવ્યે નમ : ॥ ॥ ૐ દ્વામદત્તાત્રેય નમ : ॥



લગ્ન તા. ૨૬.૦૧.૧૯૮૩
પ.પૂ. પપ્પા : શ્રી ગિરીશચંદ્ર એમ. પંચોલી
પ.પૂ. મમ્મી : શ્રીમતિ કલ્પનાબેન જી. પંચોલી
૨૦૧, આશ્રય ફ્લેટ, વેક્સીન રોડ,
દિવાળીપુરા, વડોદરા-૧૫

# મેરેજ એનીવર્સરની હાર્દિક શુભેચ્છાઓ

અમારા વ્હાલા મમ્મી-પપ્પાના સહજીવનના ૩૪ વર્ષ પૂર્ણ થતાં અમે સ્નેહસભર શુભેચ્છાઓ પાઠવીએ છીએ.. અમારી 'મા ગાયત્રી' ને હૃદયપૂર્વક પ્રાર્થના છે કે 'હે મા ! તુ અમોને ભવોભવ આજ પ્રેમાળ અને વાત્સલ્યમય માતા-પિતા આપજે... જેમણે જીવનમાં સંઘર્ષો જીરવી, સદાય હસતા રહી અમારામાં સુસંસ્કારોનું સિંચન કર્યું. ભણતર સાથે ગણતર આપી અમારી જિંદગી સુખી સમૃદ્ધબનાવી. તેમનું શેષ જીવન તન-મન-ધનથી સદાયે સ્વસ્થ અને પ્રસન્ન જીવન વ્યતિત કરે!

'હે મા ! ગાયત્રી અમારી પ્રાર્થના સ્વીકારી ઋણ અદા કરવાનો સુવર્ણ અવસર આપજે....

**લિ. આપના વ્હાલા**
શ્રી જયમીન જી. પંચોલી શ્રીમતિ કાજલ જે. પંચોલી
ચિ. કહાન જે. પંચોલી

---

નવુ વર્ષ સર્વ પ્રકારે સિદ્ધિ-રિદ્ધિ દાયક બની પ્રભુ કૃપા સર્વે પર વરસી રહો...
એજ મારા શ્રી જલારામબાપાને પ્રાર્થના



પ્રતિકકુમાર હેમંતભાઇ પંચોલી
જાનકી પ્રતિકકુમાર પંચોલી
સેક્ટર-૩બી ૨૭૨/૧,
ગાંધીનગર
મો. ૭૪૦૫૨૫૭૮૩૧



સ્વ. વિઠ્ઠલદાસ અંબાલાલ પંચોલી
સ્વ. શાંતાબેન વિઠ્ઠલદાસ પંચોલી

**શ્રી જલા મોબાઈલ એન્ડ ઝેરોક્ષ**
તેજગઢ
મુકેશકુમાર વિઠ્ઠલદાસ પંચોલી
સુરક્ષાબેન મુકેશકુમાર પંચોલી
ફોન : ૦૨૬૬૯-૨૪૮૪૭૫ મો. : ૯૮૭૯૧ ૮૩૪૦૪
તેજગઢ



મૌલિક મુકેશકુમાર પંચોલી
મીતા મૌલિક કુમાર પંચોલી
૧૭, શ્યામલ રો હાઉસ,
સોલેસ હોસ્પીટલની બાજુમાં
પરિવાર ચાર રસ્તા, વડોદરા
મો. ૯૮૭૯૧ ૭૧૯૧૮

૧૭, શ્યામલ રો હાઉસ, સોલેસ હોસ્પિટલની બાજુમાં, પરિવાર ચારરસ્તા, વડોદરા મો. ૯૮૭૯૧ ૭૧૯૧૮

જય ગુરૂદેવ દત્ત

સર્વે જ્ઞાતિજનોને દિપોત્સવી પર્વની શભકામનાઓ અને નવા વર્ષનો સોનેરી સૂરજ
આપ સૌના જીવનમાં પ્રકાશ પાથરે એજ અભ્યર્થના

## નૂતન વર્ષાભિનંદન

સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલી
સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

ઠાકોરભાઇ વિઠ્ઠલદાસ પંચોલી
જ્યોતિષબેન ઠાકોરભાઇ પંચોલી

મોટાબજાર, આશાપુરીમાતાજીના મંદિર પાસે, રાજપીપલા, જિ. નર્મદા
**મો. નં.** ૯૯૯૮૯ ૬૭૫૨૭

નવિનચંદ્ર વિનુભાઇ પંચોલી
દક્ષાબેન નવિનચંદ્ર પંચોલી
વૈભવી (M.B.B.S.)પ્રાચી(B.E.IT) ચિ. હર્ષ
બી/૭૬, જય વૈકુંઠધામ સોસાયટી
માંજલપુર ટાઉનશીપ-૧
દરબાર ચોકડી, માંજલપુર. વડોદરા
**ફોન :** ૦૨૬૫-૨૬૬૨૧૪૬



કૌશિકકુમાર હસમુખભાઇ પંચોલી
ઇલાબેન કૌશિકકુમાર પંચોલી
કૃતી - દેવલ
જનકલ્યાણ સોસાયટી, ટેલીફોન ઓફિસ
નજીક, સુખી વસાહત રોડ, અલીપુરા.
બોડેલી. જિ. છોટાઉદેપુર
**ફોન :** (૦૨૬૬૫) ૨૨૨૨૨૧

ધવલકુમાર ઠાકોરભાઇ પંચોલી    શિવાંગ    અમિષાબેન ધવલકુમાર પંચોલી
એ-૧/૩૬, શ્રી હરી બંગ્લોઝ સોસાયટી(૧), શ્રી ચામુંડામાતાજીના મંદિર પાછળ, ઝાડેશ્વરરોડ, ભરૂચ
**મો.** ૮૯૮૪૮૪૪૦(ઘર) ૯૯૯૮૫ ૭૩૬૭૯(ધવલ), ૭૦૪૩૩૪૭૮૧૭(અમીશા)

## Happy 2nd Birthday to Pranit



**Pranit Himanshu Pancholi**
**Birthdate : 13-01-2015**
Wish you a very happy and grateful birthday
to my Little Prince Pranit

**From :**
Himashu J. Pancholi    Shital H. Pancholi
Jagdishbhai M. Pancholi    Indiraben J. Pancholi
22, Jamana Park Society,
At.Po. Bodeli, Dist Chhota Udepur.
Mo. : 96384 02555

## કુર્યાત સદા મંગલમ્



મુંબઇ શાંતાક્રુઝ નિવાસી શ્રીમતિ પ્રીતિબેન અને શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલીની સુપુત્રી ચિ. હેતલના શુભલગ્ન વ્યારા નિવાસી શ્રીમતિ ગીતાબેન અને શ્રી જયેશભાઇ મોહનલાલ ગાંધીના સુપુત્ર ચિ. અક્ષર સાથે તા. ૨૧ નવેમ્બર ૨૦૧૬ના દિવસે થયા...

## સુચના

હવેથી નીચે આપેલ ઈમેલ પર મેલ કરવા
**: Email :**
**pancholinavyug@gmail.com**

# આ પુસ્તક (હાસ્યપલ્લવ) ની આત્મકથા.

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી.

દરેક મહાન વ્યક્તિ આત્મકથા લખે છે, તેથી મને થયું લાવ હું પણ આત્મકથા લખું. લોકોને અન્યના અંગતજીવન વિશે જાણવાની જીજ્ઞાસા હોય છે, તેથી એમને મારી આ વાત પણ ગમશે એવી શ્રદ્ધા છે.

મારો જન્મ આટ ...લા વિલંબથી થયો એનું કારણ મારી રચયેતા–જનેતાની આળસ નહીં પરંતુ અજ્ઞાન હતું. પોતે આટલા સરસ (અહીં સરસ એ સાપેક્ષ બાબત છે તેથી એની ચર્ચા વિદ્વાનો પર છોડી દઈશું.) લેખો લખે છે એ વાત એને ખૂબ મોડે મોડે સમજાઈ. ખેર **! Late is better than never.** એને આ વાત સમજાઈ એટલે મારો જન્મ થયો અને તમને આ પુસ્તક વાંચવા મળ્યું.

'સંદેશ' ન્યુઝપેપર ના 'સંસાર- દર્પણ' મા એકવાર હાસ્યલેખોની હરીફાઈ યોજાઈ. મારી જનેતાને આમ કોઈ હરીફાઈમાં ભાગ લેવાનો ખાસ ઉત્સાહ નહીં, પરંતુ એમાં ઇનામ મળતું હોય તો એમાં ભાગ લેવાનો કશો વાંધો પણ નહીં. એની નજર આ હરીફાઈની જાહેરાત પર ગઈ અને લેખ માટે પહેલું, બીજું અને ત્રીજું એમ ત્રણ ઇનામો હતા એટલે એનું મન ભાગ લેવા લલચાયું.

'હાસ્યલેખ લખવા એમાં વળી શું કરવાનું, એ તો સાવ સહેલું કામ છે.' એવી માન્યતાને આધારે એણે એક લેખ લખીને મોકલી આપ્યો. પરિણામની આતુરતા પૂર્વક રાહ જોઈ રહેલી મારી જનેતાએ રવિવારનું છાપું બે ત્રણ વાર ઉથલાવી ઉથલાવીને જોયું, પણ ક્યાંય એના લેખનું નામોનિશાન નહોતું.

'કરતાં જાળ કરોળિયો...' વાળી કવિતા એણે વાંચી હશે, અથવા ઇનામની લાલચ વધુ હશે એટલે એણે બીજા અઠવાડિયે બીજો લેખ લખીને મોકલી આપ્યો. એના સાનંદાશ્ચર્ય વચ્ચે એ લેખને પ્રથમ ઇનામ મળ્યું. આ હતી મારા બંધારણના પાયાની પ્રથમ ઇંટ. એના પછીના બે લેખોને બીજું અને ત્રીજું સ્થાન મળ્યું અને બીજા ત્રણ લેખો 'ગણનાપાત્ર' કૃતિ તરીકે છપાયા. ત્યારે એને લાગ્યું કે, 'લોકો ક્યારેક તો સાહિત્યકારની કદર કરે જ છે અને પોતે લખવાનું ચાલુ રાખે તો હાસ્યલેખિકા બની શકે છે.' આમ મારા જન્મના પ્રથમ પ્રકરણની શરૂઆત થઇ.

'સારા કામમાં સો વિઘ્ન. આવે. મારી જનેતાએ એની એક ખાસ ફ્રેન્ડને કહ્યું, 'હું હાસ્યલેખો લખી રહી છું, તું વાંચીશ?' ત્યારે ફ્રેન્ડે કહ્યું, 'યાર, આવા રવાડે તું ક્યાંથી ચઢી ગઈ? તું કોઈ સીરીયસ ટોપિક પર લખ, આધ્યાત્મ પર લખ, તો હું જરૂર વાંચીશ.' આ સાંભળીને જનેતા 'લખું કે ન લખું?' ના વિચારમાં પડી. એ તો સારું થયું કે આ જગતમાં ઉગતા કલાકારોને પ્રોત્સાહન આપનારા કેટલાક સારા લોકો પણ વસે છે.

'ગુજરાત સમાચાર' ના લોકપ્રિય હાસ્યલેખક શ્રી અશોક દવેએ મારી માતાને પ્રોત્સાહન આપ્યું, અને 'સમભાવ' ન્યુઝપેપરના તંત્રી શ્રી ભૂપતભાઈ વડોદરિયા સાથે એનો પરિચય કરાવ્યો. ભૂપતભાઈએ એમના ન્યૂઝપેપરમાં મારી માતાને પ્રસિદ્ધ હાસ્યલેખક શ્રી તારક મહેતાની પાડોશણ બનાવી જોડાજોડ લેખો છાપ્યા. મારી માતાનો લખવાનો ઉત્સાહ જળવાઈ રહ્યો.

જ્યારે ખૂબ જ જાણીતા લોકપ્રિય હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટ મારી જનેતાના લેખના વખાણ કરતાં (આવું ક્યારેક જ બનતું છતાં પણ) ત્યારે મારી જનેતાનો ઉત્સાહ બેવડાઈ જતો. એકવાર મારી જનેતાના પિતાના ખાસ મિત્ર કુશળ ચિત્રકાર જય પંચોલીએ મારી માતાને કહ્યું, 'તું આટલા બધા હાસ્યલેખો (લગભગ ૨૦૦) લખી ચૂકી છે તો એકાદ પુસ્તક બહાર પાડ ને.

મારી માતાને તો 'ભાવતું'તું ને વૈદે કહ્યું.' જેવું થયું. એણે ખૂબ જ મહેનત કરીને ૨૮ લેખો પસંદ કરી, ફરી ફરી સુધારીને "ગૂર્જર' માં મનુભાઈને મોકલ્યા. એને હતું બે ત્રણ લેખો કેન્સલ થાય તો પણ ૨૫ લેખોનું પુસ્તક થાય. પણ રોહિતભાઈ (સ્વ. રોહિતભાઈ કોઠારી) ને લેખો ગમ્યા અને એમણે બીજા પચાસેક પાનાની મેટર મંગાવી.

મારી જનેતાએ બીજા નવ નેવ લેખો લખીને મોકલ્યા. મારી નાજુક કમર જે ૨૮ લેખોની હતી તે હવે ભરાવદાર- ૩૭ લેખોની થઇ. દરેક મા-બાપને થાય છે એવી દ્વિધા મારી માતાને પણ થઇ. મારું નામ શું રાખવું ? એણે આ બાબતે શ્રી વિનોદ ભટ્ટની સલાહ માંગી. હાજર જવાબી બીરબલ જેવા ગણાતા શ્રી વિનોદભાઈએ તરત જ મારું નામ 'હાસ્યપલ્લવ'

સૂચવ્યું, જે મારી માતાને ખૂબ જ ગમ્યું, કેમ કે એમાં એનું નામ અને કામ બન્નેનો સમાવેશ થતો હતો.
સંતાનોને પિતાનું નામ મળે છે એમ મને માતાનું નામ મળ્યું. મારા માટે સુંદર વસ્ત્રો(કવર પેજ) તૈયાર કર્યા ચિત્રકાર શ્રી જય પંચોલીએ. જેમણે જેમણે મારા ઘડતરમાં સીધો કે આડકતરો ભાગ ભજવ્યો છે, એ સર્વનો હું હૃદયપૂર્વક ‘ઋણસ્વીકાર’ કરું છું.
મારી માતાના બે અન્ય સર્જનો-દીકરાઓ આ રીતે મારા પર રમૂજ કરતા હતા:
જિગર(મોટો દીકરો) : મમ્મી, તારી બુક છપાઈ જશે પછી એક મૂંઝવણ મટી જશે.
સાકેત (નાનો દીકરો) : કઈ મૂંઝવણ જિગર?
જિગર : સગાઓ અને મિત્રોને વર્ષગાંઠ કે એનીવર્સરી પર શું આપવું એ વિચારની મૂંઝવણ.
સાકેત : કેમ ભાઈ એવું?
જિગર : મમ્મીની બુક છપાશે એની બધી નકલો જે ઘરમાં પડી રહી હશે તે જ ભેટ આપી દેવાની ને.
સાકેત : તો તો લોકો આપણને પાર્ટીમાં બોલાવવાનું બંધ કરશે, ભાઈ.
જિગર : કોઈ વાંધો નહીં, આપણી બર્થડે પર આપણે ક્લાસમાં ગીફ્ટ કે ચોકલેટ આપવાને બદલે મમ્મીની બુક્સ જ વહેંચીશું.
તો વળી મારી જનેતાના પતિ જીતેન્દ્ર મિસ્ત્રીએ આ રીતે મશ્કરી કરી.
-પલ્લવી, તારી ચોપડીના કવર પેજ પર લખજે કે ‘આ હાસ્યલેખોની ચોપડી છે.’
-હાસ્યલેખોને ગમે તે નામ આપો, તેથી એ હાસ્યલેખ છે એ હકીકત થોડી જ બદલાઈ જવાની છે?
-અને ગમે તે લેખને હાસ્યલેખનું લેબલ મારો તેથી એ હાસ્યલેખ થોડો જ થઇ જવાનો છે?
-તમને તો મારી કદર જ નથી. વિનોદભાઈએ ચોખ્ખું કહ્યું છે કે ‘હાસ્યલેખ લખવા બુદ્ધિની જરૂર પડે છે.’
-આમ કહીને તું શું સાબિત કરવા માંગે છે?
-એ જ કે વિનોદભાઈ કદી ખોટું ન બોલે.
-તો હું ક્યાં કહું છું કે વિનોદભાઈ ખોટું બોલ્યા?
-તમે પુરુષો અમસ્તા જ કહો છો કે ‘સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ’ એક સ્ત્રી હાસ્યલેખ લખી શકે છે એનો મતલબ જ એ કે એનામાં બુદ્ધિ છે.
-પણ એ તો તારા લખેલા લેખો ‘હાસ્યલેખો’ છે એવું સાબિત થાય ત્યારે ને?
-તમને બડી વાતે મશ્કરી સૂઝે છે પણ મારા પુસ્તકને પારિતોષિક મળશે ત્યારે તો માનશો ને?
-થોડા રૂપિયા લાં...બી મુદત માટે ફિક્સ ડિપોઝિટમાં મૂકું?
-કેમ, શાના માટે?
-આપણા છોકરાઓના સૂટ સીવડાવવા માટે. તારા પુસ્તકને પારિતોષિક મળશે ત્યારે આપણે બંને તો આ દુનિયામાં હોઈશું નહીં. પણ આપણા છોકરાઓ પારિતોષિક લેવા જશે ત્યારે સૂટ પહેરીને જશે તો સરસ લાગશે ને?
-હેં ???.
[આ પુસ્તક ‘હાસ્યપલ્લવ’ ને ‘સાહિત્ય અકાદમી’ ના હાસ્ય વિભાગનું બીજું ઇનામ(૧૯૯૭) પ્રાપ્ત થયેલ છે.]


## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન ‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ’ના નામે વ્યારા શાખાની બેંક ઑફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC**
**Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
**SB 014710003655 IFSC**
**code BKDN0210147**
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# બુફે-જમણવાર

શીલાબેન અશ્વિનભાઇ પંચોલી
વડોદરા

પહેલાના વખતમાં જમણવારમાં પાટલા-પાથરણા પર બેસાડીને જમણવારની પ્રથા હતી... બાજ-દળીયામાં ખાવાની મઝા કંઇ જુદી જ હતી....પીરસવા આવનાર આગ્રહ કરીને પીરસે... આજના બાળકોને આ બધુ ખબર જ નથી... કેટલાક બાળકોએ તો બાજ-દડીયા પણ ન જોયા હશે...એ શું છે એ પણ ખબર ન હશે..

આજના સમયમાં મોટી ઉંમર તો ઠીક પણ ૪૦ થી ઉપરની ઉંમરમાં ૧૦ માંથી ૫ કે છ વ્યકિતઓની ઘૂંટણની તકલીફને કારણે અને મોટાભાગના ઘરોમાં ડાયનીંગ ટેબલ આવી જવાથી લોકો બેસવાનું પસંદ કરતા નથી. હવે બેસીને જમવાની પ્રથા પીરસનારાઓ ન મળવાથી તેમજ વાંકા વળી પીરસવાની તકલીફને કારણે આ પ્રથા બંધ થઇ. હવે સેલ્ફ સર્વિસ પ્રથા, જેને જે જોઇએ તે, જેટલું જોઇએ એટલું અને જે ભાવે તે લઇ શકાય અને ખુરશી પર બેસીને જમી શકાય..ઓછા સમયમાં વધુ વ્યકિત જમી શકે.. એટલે બુફેનો મુળ ઉદ્બેશ્ય.

બુફેમાં પહેલીવાર ડીશમાં લઇને જયારે ફરી વાર લેવા જવાનું હોય ત્યારે વ્યકિતને મુંઝવણ થાય કે ફરીથી લાઇનમાં ઘણીવાર ઢોળાય અને બીજાના અને પોતાના કપડા અને શરીર પર ઢોળાય.. બીજીવાર લેવા જવાની પડોજણમાં પડયા કરતા પહેલી વારમાં જ ડીશમાં વધુ લઇને આખી ડીશ ભરી દે. અને ખોરાકનો બગાડ કરે છે.. અને પછી ન ખવાતા ડીશમાં રાખીને ફેંકી દે છે.. અન્નનો બગાડ થાય છે.. આવા કારણે અમુક વખત પાછળના જમવાવાળાને જમવાનું પણ ન મળે. આવા સમયે અન્ન ન બગડે અને કંટ્રોલ કરવો જોઇએ..

સંસ્થા પરિવારમાં જમવાનો બગાડ ન થાય એવા બેનરો લગાડવામાં આવે છે છતાં તેનો અમલ કોઇ કરતું નથી. ઘણી વાર ડીશ મુકવા જઇએ ત્યારે દંડ કરે અથવા બધુ જમી જવા આગ્રહ કરે..

બુફે જમણવારમાં વધારે સારી વ્યવસ્થા કરવા માટે અમુક બાબતો ધ્યાનમાં લઇ શકાય... આયોજકોએ જમવાના પુરતા કાઉન્ટરો રાખવા. સર્વિસ કાઉન્ટરની પણ ગોઠવણ એવી હોવી જોઇએ તેથી લાઇનમાં બાધક ન થાય.

આપણે જાતે લાઇનમાં ઉભા રહીને જમવા માટેની લાઇનની શરૂઆત કરવી.. બન્ને બાજુથી લાઇન શરૂ ન કરવી.

એવો નિયમ હોવો જોઇએ કે જયાંથી પહેલી આઇટમ શરૂ થાય ત્યાંથી ફરીથી લેનાર વ્યકિતને એન્ટ્રી મળવી જોઇએ..

જયારે વધારે લાઇન હોય ત્યારે જેમને ઉતાવળ ન હોય તેમને પાછળથી ડીશ લેવી. આ બાબતો ધ્યાનમાં લેવામાં આવે તો જમવાનો ઓછો સમય લાગે, જમ્યા પછી જેને વહેલુ નીકળવું હોય એ જઇ શકે.. જમણવારની જગ્યામાં ભીડ ઓછી રહે..આ વાત ધ્યાનમાં રાખી પોતે અમલ કરી બીજા માટે દ્રષ્ટાંતરૂપ બનીએ..

કોઇપણ બાબત માટે સિકકાની બે બાજુ હોય જ છે.. તેને જાણવાનો, અનુભવવાનો અંદાઝ કેવો હોય એ પર આધાર રાખે છે.. હવે જીવન એટલું ફાસ્ટ થતુ જાય છે એટલે કોઇને ટાઇમ વેડફવો પરવડે એમ નથી.. તેથી ઉપરોકત બાબતોને ધ્યાનમાં લઇ એને અમલમાં મુકીએ તો બુફે જમણવાર યોગ્ય જ લાગે.... ખરૂને !

## આપણું ગૌરવ



મુંબઈ નિવાસી ભાર્ગવી – જીગર જીતેન્દ્ર મિસ્ત્રીના સુપુત્ર ચિ. કવિશ ઉ. વર્ષ 10 એ માર્શલ આર્ટ (કરાટે) ની world championship માં Kumite માં સિલ્વર મેડલ અને Kubudo માં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

તે ઉપરાંત જીલ્લા લેવલે સિલ્વર મેડલ તથા રાજ્ય લેવલે ગોલ્ડ મેડલ પણ મેળવી સ્વજનોનું તથા પંચોલી સમાજનું ગૌરવ વધાર્યું છે.

ચિ. કવિશ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી સમગ્ર પંચોલી સમાજ શુભેચ્છા પાઠવે છે.

# સંકલ્પનું બીજુ રૂપ-આત્મવિશ્વાસ

નટુભાઇ પંચોલી-જબુગામ

'હું આ વસ્તુ ને પ્રાપ્ત કરીને જ રહીશ.' આ પ્રકારની સંકલ્પની મનમાં ઉંડે અને સુદૃઢ સ્થાપ્ના થઇ જાય તો લક્ષ્ય સુધી પહોંચવાનું બહુ સરળ બની જાય. બરાબર આગળ વધવા માટે ઉન્નતિનો ક્રમ તૂટવો ન જોઇએ. અતૂટ સાહસ, શ્રદ્ધા અને શકિતથી સતત આગળ વધતા રહીએ. સંકલ્પનું બીજુ રૂપ છે....આત્મવિશ્વાસ. એ જાગૃત થઇ જાય તો પોતાનો વિકાસ ઝડપથી પોતાની મેળે કરી શકાય.

ઉન્નતિની આકાંક્ષા રાખવીએ માનવનો સ્વાભાવિક ગુણ છે. તેણે આગળ વધવું જ જોઇએ, પરંતુ જયારે માનવનું સંકલ્પબળ જાગૃત હોય ત્યારે જ આ સંભવ છે. સંકલ્પ દ્વારા પ્રત્યેક માનવ સફળતા મેળવી શકે છે. આપણે એ યાદ રાખીએ કે સતત પરિશ્રમ અને એક લક્ષ્યસિદ્ધિથી ભાગ્ય બને છે. ઇચ્છા એક પ્રબળ શકિત છે જે પોતાનો માર્ગ શોધી જ કાઢે છે.

કયારે ય વિકટ પરિસ્થિતિથી હાર ન માનીએ, ધૈર્ય અને ઉત્સાહ અંદરથી પ્રગટ કરીએ.. સંકલ્પની દઢતા, ધૈર્ય અને સાહસથી માણસ જીતે છે. આપણી અંદર જે એક મહાન ચેતના કામ કરી રહી છે, તેની શકિત અનંત છે. તેનો આશ્રય ગ્રહણ કરીએ તો પોતાનો આત્મવિશ્વાસ જાગી જશે. કામમાં ઉત્સાહ અને મનમાં ધૈર્ય હોય તેનો સંકલ્પ કોઇકને કોઇક દિવસ નિઃસંદેહ સફળ થઇને રહે છે.

સંકલ્પ આપણી અસ્થિર બુદ્ધિમાં એક સ્થિરતા બક્ષી જાય છે. અને સ્થિર બુદ્ધિનું બળ પ્રાપ્ત થાય છે. સંકલ્પ શરૂઆતમાં બુદ્ધિને સ્થિર કરે છે. જેમ નાના નાના સંકલ્પ પૂરા કરવાની ટેવ પડશે તેમ તેમ નટખટ બુદ્ધિ સ્થિર થતી જશે, અને ત્યાર પછી જો અંતર્યાત્રા તરફ સંકલ્પ કરીએ તો પછી બુદ્ધિની પેલી પાર પહોંચી જવાય. જીવનના લક્ષ્યમાં અભિભૂત થઇ જવાય. સંકલ્પ એટલે પોતાની જાતને આપેલું વચન. કોઇપણ બાબત માટે સમત્ર વિચારીને જાતે જ પસંદ કરેલ નિર્ણય. સંપૂર્ણ સમજ સાથે, પોતાની જાત સાથે સ્વર્ગ સુધી અડગ રહે તેવો નિશ્ચય કરાય તો સંકલ્પ બને છે. સંકલ્પ સાથેનું જોડાણ સતત મજબુત રાખીને કામ કરવાથી અચૂક સફળતા મળે છે.

સંકલ્પોની પવિત્રતા માનવના સમગ્ર જીવનને પવિત્ર અને તૃપ્ત બનાવે છે. જયારે પ્રગતિના પથ પર સંકલ્પ પૂર્વક આગળ વધીએ ત્યારે પ્રતિકૂળતા બદલાઇ જાય છે. શરૂઆતમાં કઠિન લાગતી મંઝિલ સરળ બની જાય છે. ધ્યેય સક્રિય માટે ઇચ્છા કરતાં સંકલ્પમાં વધારે શકિત હોય છે..

માની લો કે આપે એક સંકલ્પ લીધો કે આ વરસે સારા નંબરે પરીક્ષા પાસ કરવી છે. તેના માટે તમારે પ્રાતઃકાળે ઉઠવું જ પડશે, ભણવું પણ પડશે. એમાં ઢીલ મુકવાથી આપણી ઇચ્છા અધૂરી જ રહેશે. દૃઢ સંકલ્પમાં માનવીની બુદ્ધિ સ્થિર અને શરીર ક્રિયાશીલ રહેવું જોઇએ. મન બળવાન હોય અને કામ કરવાની લગન હોય તો કોઇપણ અવરોધ સફળતાના માર્ગમાં પોતાનો પ્રભાવ પાડી શકતો નથી.

આપણા સૌમાં સંકલ્પબળ છે જ. આપણે પૂરી શકિતથી સંકલ્પ કરતાં નથી. રોજ સવારે ઉઠવાનો સંકલ્પ લીધા બાદ એક - બે દિવસ વહેલા ઉઠીએ ખરા, પરંતુ ત્યારબાદ કઇંક બહાના બતાવીને વહેલા ઉઠતા જ નથી. તેથી આપણે જ આપણાં ઘાતક બનીએ છીએ. સંકલ્પનું બળ તુટી જાય છે. એક નાનો પણ સંકલ્પ કરીએ તો તેને પુરો કરીએ જ. ધીમે ધીમે બળ વધી જશે. ઘડીભર મૌન રહેવાનો સંકલ્પ લઇએ, પછી દિવસભર મૌન રહેવાનો પ્રયત્ન કરીએ. પરિણામ બહુ જ સુંદર આવશે.

જીવનમાં સુખ પ્રાપ્તિ અર્થે પરિવર્તન લાવવાનો સંકલ્પ કરીએ અને દૃઢ શ્રદ્ધા રાખીએ એટલે બધુ જ મેળવી શકાય. આપણેવીચારીએ કે પોતે પૂર્ણનથી અને પોતાના હાલના જીવનમાંકંઇક પરિવર્તન જરૂરી છે. ત્યારે તે જરૂર પોતાને બદલી શકે છે.માણસ પોતાના જીવનમાં ઉંડો ઉતરે ત્યારે પોતે શું ખોટું કરે છે તુનો ખ્યાલ તેને આવી જાય છે. ખોટા ઉજાગરા કરતો હોય, ઉતાવળે જમતો હોય, તે દરેક વાત પોતે સમજે છે. તે દૂર કરવા તેણે માત્ર સંકલ્પ દૃઢ નિશ્ચય સાથે વળગી રહેવાની જરૂર છે..

જીવનમાંપોતાને અસમર્થ, અશકત અને અસહાય ન સમજીએ. સાધનોના અભાવ અંગેના નબળા વિચારોનો ત્યાગ કરીએ. યાદ રાખીએ, શકિતનો સ્ત્રોત સાધનોમાં નથી, સંકલ્પમાં છે. દૃઢ સંકલ્પમાં ઓછા સાધનોમાં પણ અધિકત્તમ વિકાસ કરી શકાય છે અને સુખી જીવન જીવી શકાય છે..

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** સંચાલિત
સ્થાપના વર્ષ-૧૯૭૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

# સ્વ. સી.ટી.સ્મારક નિધિ

વ્હાલા વિદ્યાર્થી મિત્રો

ધોરણ ૧ થી ૧૨ સુધી ભણતા દરેક વિદ્યાર્થી મિત્રો તમ તમારું રોજબરોજનું ભણવાનું તો કરતા જ હશો, પણ તે ઉપરાંત બીજી કોઇ ઈત્તર પ્રવૃત્તિ, જેવી કે કવિતા રચવી, ગઝલ બનાવવી, સરસ મઝાના કુદરતી, ઓફબીટ ચિત્રકામ કરવું, મધુર અવાજમાં ગીતો ગાતા હશો. કોઇક વાજીંત્ર વગાડતા હશો, સુંદર ટુંકી વાર્તા લખતાં હશો. સ્કૂલમાંથી કોઇક સ્પર્ધામાં ભાગ લીધો હોય અને ઇનામ અથવા ટ્રોફી મેળવ્યા હોય આ સિવાય બીજું કંઇક નવિન હોય તે સમાજના બીજા વિદ્યાર્થી મિત્રો તથા જ્ઞાતિજનો માણે તેહેતુંથી તમે તમારી એવી રચના નીચેના સરનામે મોકલશો. તો આપણી વેબ સાઇટ ઉપર અમે અપલોડ કરીશું આ કોઇ સાથે સ્પર્ધા નથી. દરેક ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીશું..

ખાસ નોંધ : વિદ્યાર્થી મિત્રોના વાલીને જણાવવાનું કે તમારે તમારા પાલકને ફક્ત પ્રોત્સાહિત જ કરવાનો છે. તે સિવાયની ભાગ લેવામાં કોઇ જાતની મદદ કરવાની નથી. આ નૈતિક જવાબદારી જરૂરથી નિભાવશો એવી આશા અને અપેક્ષા

વાર્તા ૧૦૦ થી ૧૫૦ શબ્દ પુરતી મર્યાદિત રાખશો..

હાલમાં એક વિદ્યાર્થી એક જ રચના મોકલી શકશે. વધુ હોય તો કદાચ બીજી વખત પ્રદર્શીત કરીશું.

ગીત, વાજીંત્રની ૩ થી ૪ મિનિટની WhatsApp ઉપર કલીપ મોકલશો.

સ્પર્ધામાંથી મેળવેલ ઈનામ અથવા ટ્રોફી મેળવ્યા હોય તે A/4 સાઇઝના પેપરમાં ભેગા કરી કલર ઝેરોક્ષ મોકલશો.

વિશેષ :- રચના કયા વિભાગમાં છે તે અવશ્ય લખશો..

રચના મોકલનારનું પુરૂં નામ :
ધોરણ :
સરનામું :
ફોન નંબર

**આપની રચના તા. ૧૦.૦૨.૨૦૧૭ પહેલા સી.ટી.સ્મારક નિધિના અધ્યક્ષશ્રી અથવા મંત્રીશ્રીના સરનામે**

સી.ટી.સ્મારકનિધિ-અધ્યક્ષ
**શ્રી ધવલકુમાર જયંતિલાલ પંચોલી**
૩૦૩, યોગીપાર્ક, બિલ્ડીંગ-૮, સ્વામિનારાયણ મંદિર પાસે, અડાજણ, સુરત ૩૮૫ ૦૦૯
મો. ૯૮૨૪૭ ૦૧૨૩૭

સી.ટી.સ્મારકનિધિ-મંત્રી
**શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી**
૩૩, દેવદીપ સોસાયટી, સરગમ શોપીંગ સેન્ટર સામે, પારલે પોઇંટ-સુરત ૩૯૫૦૦૭
મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

## અનુરકણિય

શ્રી પંચોલીસેવા સમાજ મહામંડળને લેસ્ટર યુ.કે. નિવાસી શ્રીમતિ વાસંતીબેન દિલીપભાઇ પંચોલી તરફથી રૂા. ૨,૧૨૫ મેડીકલ ફંડમાં તેમજ રૂા. ૨,૧૨૫ શૈક્ષણિક ફંડમાં ભેટ મળ્યા છે...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એમનો આભાર વ્યકત કરે છે....



**શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ પ્રેરીત અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ આયોજીત**

# ‘પંચોલી પ્રીમીયર લીગ’ પી.પી.એલ-૧૬




શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ પ્રેરીત અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ આયોજીત તા. ૧૧.૧૨.૨૦૧૬, રવિવાર ના રોજ નેતાજી સુભાષચંદ્ર બૉઝ ગ્રાઉન્ડ ભાયન્દર મુકામે પંચોલી પ્રીમીયર લીગ-પી.પી. એલ.-૨ (૨૦૧૬) નું એક અનોખું અને રોમાંચક આયોજન રાખવામાં આવ્યું હતું. કુલ્લે બાવન ખેલાડીઓની ચાર ટીમ બનાવવામાં આવી હતી. જે નીચે મુજબ છે...

(૧) નકુલ નીન્જા-બ્લેક કલર (આ ટીમના ઓનર અને સ્પોન્સર હતા શ્રીમતિ મનિષાબેન ભાવિક કાપડિયા-મીરારોડ

(૨) જીતુ વૉરીયર્સ-નેવી બ્લ્યુ કલર (આ ટીમના ઓનર અને સ્પોન્સર હતા શ્રીમતિ પ્રતિમાબેન ઉમશચંદ્ર મિસ્ત્રી-વિરાર)

(૩) પ્રતિક ડેરવિલ્સ-રેડ કલર ( આ ટીમના ઓનર અને સ્પોન્સર હતા શ્રીમતિ વૈશાલી કૌશલ પ્રમોદચંદ્ર મિસ્ત્રી-ગોરેગાંવ

(૪) નયન - નાઇટ રાઇડર્સ-ગ્રે કલર આ ટીમના ઓનર અને સ્પોન્સર હતા ‘નારી રત્ન’ માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી પરિવાર-અંધેરી

સવારે ૮.૦૦ વાગ્યાના સુમારે દરેક ટીમનાં ખેલાડીઓ પોતપોતાના વિવિધ ડ્રેસમાં હાજર થયા હતાં. દરેક ખેલાડીઓની ટીમનાં ટી-શર્ટ પર શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇનો લોગો છપાવવામાં આવ્યો હતો. એમ્પાયર માટે સફેદ ટી-શર્ટ આપવામાં આવ્યા હતાં. હાજર રહેલ તમામ સભ્યોને સફેદ ટોપી ફ્રી આપવામાં આવી હતી.

સૌ પ્રથમ ભારતના રાષ્ટ્રગીતને સન્માન આપી રાષ્ટ્રગીત જન-ગન-મન ગાવામાં આવ્યું. અને સાથે જ ગણેશજીની વંદના કરી શુભ કાર્યની શરૂઆત કરવામાં આવી. આજ રોજના અધ્યક્ષા શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ જેમના વરદ હસ્તે પીચ ઉપર હાર અર્પણ કરી નારીયેળ વધેરી પંચોલી ‘પંચોલી પ્રીમીયર લીગ’નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. હાજર રહેલ સર્વે સભ્યો તેમજ ખેલાડીઓએ ગરમાગરમ ચાહ, ઇડલી-ચટણી તેમજ ગરમાગરમ મેદુવડાનો અલ્પાહાર માણ્યો હતો. એ પછી ટુર્નામેન્ટનાં નિયમો પ્રેક્ષકો તેમજ ખેલાડીઓને જણાવવામાં આવ્યા હતાં.

ફક્ત ૮ ઓવરની મેચ દરેક ટીમ વચ્ચે રમવાની રહેશે.

દરેક બૉલર એક ઇનિંગ્સમાં ફક્ત બે જ ઓવર નાખી શકશે.

એલ.બી.ડબલ્યુ નૉટ આઉટ રહેશે.

તેમજ આ ટુર્નામેન્ટસમાં ગર્લ્સ પ્લેયર દ્વારા બેટીંગ કરવાની રહેશે અને આ ઓવર દરમ્યાન જે પણ ગર્લ્સ ખેલાડીનું બેસ્ટ પરફોમર્સ હશે તેને બેસ્ટ ગર્લ્સ ઓફ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવશે.

બાકી બીજા નિયમો ઇન્ટરનેશનલ મેચના નિયમાનુસાર રહેશે.

લકી ડ્રો દ્વારા પ્રથમ બે ટીમનું સીલેકશન કરવામાં આવ્યું જેમાં જીતુ વૉરિયર્સ અને નયન નાઇટ રાઇડસ વચ્ચે પ્રથમ મેચ યોજવામાં આવી. નયન રાઇડસ ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો અને તેઓના નિર્ણયને માન આપી જીતુ વોરીયર્સના બેટસમેનોએ ૮૯ રનનો ટારગેટ આપ્યો હતો જેને નયન નાઇટ રાઇડર્સના ખેલાડીઓ અઘરા પરિશ્રમ બાદ પણ પુરો ન કરી શકતા જીતુ વેરીયર્સની ટીમને વિજેતા ઘોષિત કરવામાં આવી. આ સાથે જીતુ વેરીયર્સ ટીમનો ફાયનલમાં પ્રવેશ થયો હતો.

દરેક મેચ દરમ્યાન સરસ અને રોમાંચક ઓરકેસ્ટ્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ચોકકા, છકકા અને વિકેટ ઉપર મ્યુઝીક વગાડી પ્રેક્ષક તેમજ ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા હતાં. એ સાથે જ નાની ચીયર્સ ગર્લ્સ દરેક પ્રેક્ષકોનું મનોરંજન કરી રહી હતી. અને સાથે સાથે કોમેનટેટર્સ લાઇવ કોમેન્ટ્રી આપી રહ્યા હતાં.

પ્રથમ મેચ બાદ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇનાં પ્રમુખ શ્રી રાહુલ મિસ્ત્રી કે જેઓના આજ રોજ દામ્પત્ય જીવનના ૧૬ વર્ષ પૂર્ણ થતા હતો તેઓની મેરેજ એનીવર્સરી હોવાથી બન્ને એ કેક કર્ટીગ કરી ઉજવણી કરી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્યારબાદ બીજી પ્રતિયોગીતામાં પ્રતિક ડેરડેવીલ્સ અને નકુલ નીન્જા વચ્ચે યોજવામાં આવી. જેમાં નકુલ નીન્જા ટીમે ખૂબ જ સરસ પ્રદર્શન કરતા પ્રતિક ડેરડેવીલ્સનો પરાજય થયો હતો. અને નકુલ નીન્જા ની ટીમનો પણ ફાયનલમાં પ્રવેશ થયો હતો.

બપોરે ૧.૦૦ કલાકે સ્વાદિષ્ટ થેપલાં, બટેકાનું શાક, ગુલાબજાંબુના ભોજનનો આનંદ સમગ્ર ખેલાડીઓ તથા હાજર રહેલ સભ્યોએ માણ્યો હતો.

બપોરે ૨ કલાકે ૩ એ ૪ નંબરના પોઝીશન માટે ત્રીજી મેચ રમાડવામાં આવી આ મેચ નયન નાઇટ રાઇડર્સ અને પ્રતિક ડેરડેવીલ્સ વચ્ચે રમાડવામાં આવી. આ મેચ ખૂબ જ રોમાંચક રહી અને બન્ને ટીમ વચ્ચે કટોકટીનું પ્રદર્શન રહ્યું અને અંતમાં મેચ ડ્રોમાં જતા બન્ને ટીમ વચ્ચે સુપર ઓવરની મેચ રમાડવામાં આવી અને અંતમાં નયન નાઇટ રાઇડસ ટીમનો ફરી એક વાર પરાજય થતાં. પ્રતિક ડેરડેવીલ્સની ટીમ ત્રીજા નંબર અને નયન નાઇટ રાઇડર્સે ચોથા નંબર પર આવી હતી.

બપોરે ૩.૩૦ કલાકે સૌને કોલ્ડ્રીંકસ બ્રેકમાં ફ્રુટી આપવામાં આવી. અને શરૂ થયો ફાયનલ મેચનો દોર.. જીતુ વેરીયર્સ અને નકુલ નીન્જા વચ્ચે. નકુલ નીન્જાના ઓપનર બેટસમેન ઉમંગ રવિન્દ્ર મિસ્ત્રી અને કલ્પેશ જયંતિલાલ મિસ્ત્રીની ધુવાધાર બેટીંગનાં પ્રદર્શન દ્વારા અણનમ રહી ૯૯ રનનો જંગી સ્કોર જીતુ વોરીયર્સ ટીમની સામે રાખ્યો. જીતુ વોરીયર્સની ટીમે સુંદર પ્રતિસાદ દ્વારા પોતાનો સ્કોર ૬૪ રન કર્યા, આપેલ સ્કોર પૂર્ણ ન કરતા નકુલ નીન્જા ટીમનો વિજય થયો હતો.

યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા આયોજીત પી.પી.એલ. -૨૦૧૬ના વિજેતા નકુલ નીન્જા ટીમ થઇ હતી. આ ટુર્નામેન્ટના આયોજન દરમ્યાન મીરારોડ-ભાયંદરના કોર્પોરેટર શ્રીમતિ દિપ્તી ભટ્ટ હાજર રહ્યા હતાં. જેઓનું નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીએ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ હતું. વિજેતા ટીમના ઓનર શ્રીમતિ મનિષાબેન અને શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા દ્વારા શ્રીમતિ દિપ્તીબેન ભટ્ટને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી.

સાંજે ૫.૩૦ કલાકે ઇનામ વિતરણ સમારંભ શરૂ થયો જેમાં બેસ્ટ ગર્લ્સ પ્લેયર તરીકે બે વાર અણનમ રહી અને બે વિકેટ ઝડપી કુ. કશ્વી રાહુલ મિસ્ત્રી- મીરારોડ ને વિશિષ્ટ પુરસ્કાર કોર્પોરેટર દિપ્તીબેન ભટ્ટના વરદ હસ્તે અર્પણ કરાયું.. બેસ્ટ બેટસમેન તરીકે બન્ને મેચમાં અણનમ રહી નકુલ નીન્જા ટીમને વિજય અપાવનાર શ્રી કલ્પેશ જયંતિભાઇ મિસ્ત્રીને આપવામાં આવ્યું. મેન ઓફ ધ સીરીઝ તરીકે બન્ને મેચમાં અણનમ રહી ૭૮ રન બનાવી નકુલ નીન્જા ટીમને બે વાર વિજય અપાવનાર ચિ. ઉમંગ રવિન્દ્ર

મિસ્ત્રી-મીરારોડને પુરસ્કાર અર્પણ કરાયો હતો. ત્યારબાદ ચોથા ક્રમે આવનાર નયન નાઇટ રાઇડર્સ ટીમને થર્ડ રનર અપ, બીજા ક્રમે પ્રતિક ડેરવિલ્સ ટીમને સૅકન્ડ રનર અપ અને જીતુ વૉરીયર્સને ફસ્ટ રનરઅપનો કપ અર્પણ કરવામાં આવ્યો હતો. આજના પી.પી.ઍલ-૨૦૧૬ના વિજેતા ટીમ તરીકે નકુલ નીન્જા ટીમને અધ્યક્ષા શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રીના વરદ હસ્તે પ્રથમ વિજેતા કપ અર્પણ કરવામાં આવ્યો હતો.

અંતમાં પરાગ મિસ્ત્રીએ આભાર દર્શન કર્યુ હતું. સર્વે સભ્યો, પ્રેક્ષકો, ખેલાડીઓને અભિનંદન આપતાં છુટા પડયા.

**અમો આભારી છીએ.......**

ચીયર્સ લીડર્સ : કુ. નીકી જીતુ મિસ્ત્રી-વિરાર, કુ. કસક રાકેશ મિસ્ત્રી-મીરારોડ, કુ. લવીના પરાગ મિસ્ત્રી-મુંબઇ, કુ. હર્ષિતા હિરલ મિસ્ત્રી-અંધેરી

**અંમ્પાયર્સ** : શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ, શ્રી કલ્પેશ જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ, શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી-બીરીવલી, શ્રી નયન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ, શ્રી નિકુંજ જરીવાલા-બોરીવલી, શ્રી કલ્પેશ ઉમેશચંદ્ર મિસ્ત્રી-વીરાર.

**કોમેન્ટેટર્સ** : શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ, શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી-મુંબઇ, શ્રી કલ્પેશ ઉમેશભાઇ મિસ્ત્રી-વિરાર, શ્રી જુબીન ભુપેન્દ્ર પંચોલી-મઝગાંવ, શ્રી કુંતલ પ્રફુલ પંચોલી-મીરારોડ, શ્રી જીતુ ઉમેશ મિસ્ત્રી-વિરાર

**જમણવાર સમિતિ અને અન્ય આયોજક** : શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ, શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી-મીરારોડ, શ્રી જીતુભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ, શ્રી ચેતન મોહનલાલ કાપડિયા-મીરારોડ, શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા-ખેતવાડી, શ્રી હેમીલ મહેશભાઇ મિસ્ત્રી-વસઇ, શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી -અંધેરી, શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ

પંચોલી પ્રીમીયર લીગ-૨૦૧૬ના ઑનર અને સ્પોન્સરરના

અધ્યક્ષા શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી, કશ્વી અને ઇશિકા રાહુલ મિસ્ત્રી અને સમગ્ર પરિવાર તરફથી રૂા. ૧૧,૦૦૦/-

ટીમ ઑનર : નકુલ નીન્જા-શ્રીમતિ મનિષા ભાવિક કાપડિયા મીરારોડ પરિવાર તરફથી રૂા. ૫,૦૦૦/-

જીતુ વેરીયર્સ : શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશભાઇ મિસ્ત્રી વિરાર પરિવાર રૂા. ૫,૦૦૦/-

પ્રતિક ડેરડેવીલ્સ : શ્રીમતિ વૈશાલી કૌશલ મિસ્ત્રી પરિવાર-ગોરેગાવ રૂા. ૫,૦૦૦/-

નયન નાઇટરાઇડર્સ : નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી પરિવાર તરફથી રૂા. ૫,૦૦૦/-

અન્ય સ્પોન્સર :

૩,૩૩૩ શ્રી અનિષ અમૃતભાઇ પંચોલી-કાંદીવલી
૩,૧૪૧ શ્રી બીજલ નરેશભાઇ મિસ્ત્રી-ગોરેગાવ
૩,૦૦૦ શ્રી ચેતન મોહનલાલ કાપડિયા-મીરારોડ
૩,૦૦૦ શ્રી વિશાલ અને મયૂર કમલેશભાઇ કાપડિયા-ખેતવાડી
૩,૦૦૦ શ્રી નિશાંત મયંકકુમાર મિસ્ત્રી-ગોરેગાવ
૨,૫૦૧ અને ટેનીસબોલ સ્પોન્સરર શ્રી નયન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ
૨,૫૦૧ શ્રી હિરલભાઇ સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી
૨,૦૦૦ શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી-મીરારોડ
૨,૦૦૦ કુ. યેશા-ચિ. જશ સંજય મિસ્ત્રી-મીરારોડ
૨,૦૦૦ શ્રી ધવલ કિશોરભાઇ મિસ્ત્રી-મીરારોડ
૧,૫૫૫ શ્રી રાકેશ અને પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ
૧,૧૧૧ મેસર્સ કલા મેડીકલ હસ્તે રાકેશ રમેશભાઇ મિસ્ત્રી-મીરારોડ
૧,૦૦૦ શ્રી જુબીન ભુપેન્દ્રભાઇ મિસ્ત્રી-મઝગાંવ
૧,૦૦૦ શ્રી મયૂર જગદીશભાઇ મિસ્ત્રી-મીરારોડ
૧,૦૦૦ શ્રી વૈશાખી કુમારેશ મિસ્ત્રી-મીરારોડ
૧,૦૦૦ શ્રી ટર્વીકલ કૃપાલ પંચોલી-મુંબઇ
૫૦૧ શ્રી કુંતલ પ્રફુલચંદ્ર પંચોલી-મીરારોડ
૫૦૦ શ્રી કરણ જતીન પંચોલી-મુંબઇ

નવસારી ક્રિકેટ ટુર્નામેન્ટમાં જનાર મુંબઇ ટીમના સ્પોન્સર : સ્વ. શ્રીમતિ મંજુબેન નગીનદાસ મહેતા અને સ્વ. નગીનદાસ જીવણજી મહેતાના સ્મરણાર્થે શ્રી

દિપકભાઇ અને શ્રી ચંદ્રવદન નગીનદાસ મહેતા-મુંબઇ તરફથી રૂા. ૩,૫૦૦/-

રૂા. ૨૦૦૦/- ડો. શ્રી ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-મઝગાંવ

રૂા. ૫૦૧/- શ્રી વત્સલ રશ્મિન મિસ્ત્રી-મુંબઇ

રૂા. ૫૦૧/- શ્રીમતિ નિરંજનાબેન સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી

**પી.પીએલ.-૨૦૧૬ના ખેલાડીઓ...**

**નકુલ નિન્જા**

નકુલ ભાવિક કાપડિયા-મીરારોડ-કેપ્ટન
લીના રાહુલ મિસ્ત્રી-મરારોડ-ઓનર
ઉમંગ રવિન્દ્ર મિસ્ત્રી-મીરારોડ
બ્રીજલ નરેશ મિસ્ત્રી-ગોરેગાવ
હેમીલ મહેશ મિસ્ત્રિ-વસઇ
કરણ જતીન પંચોલી-મુંબઇ
રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી-મીરારોડ
જુબીન ભૂપેન્દ્ર પંચોલી-મઝગાંવ
જૈવીક હેમીલ મિસ્ત્રી-વસઇ
વૈશાખી કુમારેશ મિસ્ત્રી-મીરારોડ
રિદ્ધિ કમલેશ પંચોલી-બોરીવલી
વિનીત અતુલ પંચોલી-નાલાસોપારા
કલ્પેશ જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ
લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ-ઓનર

**પ્રતિક ડેરડેવિલ્સ**

પ્રતિક કમલેશ પંચોલી-કેપ્ટન
શ્રીમતિ વૈશાલી કૌશલ મિસ્ત્રી-ગોરેગાવ-ઓનર
કૌશલ પ્રમોદચંદ્ર મિસ્ત્રી-ગોરેગાવ
વત્સલ રશ્મિન મિસ્ત્રી-મુંબઇ
નિશાંત મયંક મિસ્ત્રી-ગોરેગાવ
હર્ષ ભાવિક કાપડિયા-મીરારોડ
જશ સંજય મિસ્ત્રી-મીરારોડ
નિકુંજ મહેન્દ્ર મિસ્ત્રી-મુંબઇ
રોહન રાકેશ મિસ્ત્રી-મીરારોડ
યેશા સંજય મિસ્ત્રી-મીરારોડ
કિંજલ વિજય મહેતા-અંધેરી
કુંતલ પ્રફુલ પંચોલી-મીરારોડ
ટર્વીકલ કૃણાલ પંચોલી-મુંબઇ
પલ્લવી રાકેશ મિસ્ત્રી-મીરારોડ
જીજ્ઞાશા મિનેષ મિસ્ત્રી-અંધેરી
યુકતા મિનેષ મિસ્ત્રી-અંધેરી

**જીતુ વેરીયર્સ**

જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર -કેપ્ટન
શ્રીમતિ પ્રતિમા ઉમેશચંદ્ર મિસ્ત્રી-વીરાર -ટીમઓનર
કલ્પેશ ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર
ઉમેશચંદ્ર હરકીશનદમસ મિસ્ત્રી-વિરાર
કરણ કલ્પેશ મિસ્ત્રી-વિરાર
શશાંક દિલીપ પંચોલી-વિરાર
કાજલ જીતુ મિસ્ત્રી-વિરાર
મિહિર દિલીપ મિસ્ત્રી-સી.પી.ટેંક
રચીત દિપક મહેતા-ખેતાચીવાડી
વિશાલ કમલ કાપડિયા-ખેતવાડી
પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ
મિનેષ સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી
રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી-મીરારોડ
મોનાલી મહેન્દ્ર મિસ્ત્રી-મુંબઇ

**નયન નાઇટ રાઇડર્સ**

નયન નવિન મિસ્ત્રી-મીરારોડ-કેપ્ટર
નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી - ટીમ ઓનર
નિકુંજ શૈલેષ જરીવાલા-ગોરેગાવ
મયૂર કમલ કાપડિયા-ખેતવાડી
ચિત્રાંગ મયંક મિસ્ત્રી-ગોરેગાવ
કૃણાલ રાજેન્દ્ર પંચોલી-મુંબઇ
હિરલ સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી
રાકેશ નવિનચંધ મિસ્ત્રી-મીરારોડ
હેમ કૌશલ મિસ્ત્રી-ગોરેગાવ
ડિમ્પલ હિરલ મિસ્ત્રી-અંધેરી
ડિમ્પલ નયન મિસ્ત્રી-મીરારોડ
કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ
જગદીશ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ.

# સંસ્થા સમાચાર

## પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ

પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરાનું 'પંચોલી ભવન'નું સ્વપ્ન સાકાર કરવા પ્રયત્નશીલ છે. પરંતુ અપૂરતાં ભંડોળને કારણે બાંધકામ માટે આગળ વધી શકતો નથી. આ પરિસ્થિતિમાં રાજપીપલા નિવાસી સ્વર્ગસ્થ જેકોરબેન અને સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઇ સોમાભાઇ પંચોલીના સ્મરણાર્થે તેમના પરિવારજનો તરફથી રૂા. ૫૧,૦૦૦/-(અંકે એકાવન હજાર એક)નું દાન મળતા કાર્યકરો પ્રસન્નતા અનુભવે છે. આ આર્થિક સહયોગની વિશેષતા એ છે કે સ્વર્ગસ્થના પરિવારજનોએ સ્વયં ટ્રસ્ટના કાર્યકરોનો સંપર્ક કર્યો અને ઉમદા ભાવના સાથે ભરૂચથી વડોદરા રૂબરૂ આવી ઉપરોક્ત રકમનો સ્વર્ગસ્થ પિતાત્રની પૂણ્યતિથિની તારીખનો ચેક આપ્યો. સ્વર્ગસ્થના પરિવારજવનો ખાન-પાનના ચોક્કસ નિયમોનું પાલન કરતા હોવાથી સારી તંદુરસ્તી ધરાવે છે. તેમની દિનચર્યા અનુકરણિય છે. પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરા સ્વર્ગસ્થના ઉમદા સંસ્કારના વારસદાર પરિવારજનોનો દિલથી આભાર વ્યક્ત કરે છે.

હાલમાં અમારા રજીસ્ટર્ડ ટ્રસ્ટ પાસે લગભગ ૨૦ લાખનું ભંડોળ છે જે અપૂરતું છે. વડોદરા તથા સમગ્ર સમાજના પરિવારજનોને 'પંચોલી સમાજ ભવન'ના સ્વપ્નને સાકાર કરવા આર્થિક સહયોગ માટે નમ્ર અરજ કરે છે.

સંપર્ક : રમેશભાઇ પંચોલી ૯૮૯૮૪ ૪૯૪૧૧ એકાઉન્ટમાં જમા કરાવી જાણ કરશોજી

બેન્ક : પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરા. બેન્ક ઓફ ઇન્ડિયા, વાઘોડિયા શાખા, વડોદરા-૧૯

IFSC :BKID0002515 A/c. No. : 251510210000050

૫૧,૦૦૦ સ્વ. જેકોરબેન અને વિઠ્ઠલભાઇ સોમાભાઇ પંચોલી-રાજપીપલા

૫,૦૦૦ શ્રીમતિ પદ્માવતીબેન ચીમનલાલ પંચોલી-લેસ્ટર યુ.કે.

૩,૦૦૦ શ્રી શંકરભાઇ છીતાભાઇ પંચોલી-વડોદરા

૫૦૦ શ્રીમતિ પ્રેમીલાબેન એન. પંચોલી

### બીલીમોરા સ્વયમ યુવા સંગઠન

શનિવાર તારીખ.11 ડિસેમ્બર 2016 ના રોજ બીલીમોરા ના પ્રમુખશ્રી કિશોરભાઈ ના નિવાસસ્થાને બીલીમોરા ના યુવક યુવતિઓ ની એક સામાન્ય સભા ભરવામાં આવી. કિશોરભાઈ અને મહિલા મંડળ ના પ્રમુખ શ્રીમતિ શોભાબેન ની રજૂઆત પછી બીલીમોરા ના યુવાનો અને યુવતિઓ ના એક સંગઠન ની રચના કરવામાં આવી. યુવાનોના પશ્નોના જવાબ આપ્યા પછી સર્વ સંમતિથી આ ગૃપને " બીલીમોરા સ્વયમ્ યુવા સંગઠન " નામ આપવામાં આવ્યું . તેમના પ્રમુખ તરીકે શ્રીમતી ટ્વિંકલબેન જીતેશભાઇ પંચોલી અને મંત્રી તરીકે શ્રી અમિતભાઇ ધનેશભાઇ પંચોલી ની નિમણુંક કરવામાં આવી. સર્વે યુવાનોની ઇચ્છા ને માન આપીને યુવા સંગઠન ના સલાહકાર તરીકે શ્રીમતી શોભાબેન કિશોરભાઈ મિસ્ત્રી ની નિમણુંક કરવામાં આવી.

ફેબ્રુઆરી માસ માં યોજાનારા " ઉડાન 2017 " માં બીલીમોરા એકમ તરફથી એક કાર્યક્રમ આપવા માટે સૌએ ઉત્સાહ થી પોતાના નામ નોંધાવ્યા અને અઠવાડિયામાં ત્રણ દિવસ શુક્રવાર, શનિવાર અને રવિવારે કાર્યક્રમની તૈયારી કરવા નું નક્કી કર્યું. અંતે અલ્પાહાર અને ચા ને ન્યાય આપી સૌ છુટા પડ્યા.

### સ્વર યુથ વ્યારા

સ્વર યુથ વ્યારાની મિટિંગ તા. ૧૮.૧૨.૨૦૧૬ને રવિવારના રોજ સાંજે ૭ કલાકે પંચોલી વાડી૪વ્યારા આતે રાખવામાં આવી હતી. સૌ પ્રથમ ગરમા ગરમ કઢી-ખીચડી અને શાક સાથે સ્વાદિષ્ટ પ્રીતિ ભોજનનો આસ્વાદ માણ્યો.

મિટિંગની શરૂઆતમાં ઉપપ્રમુખ કુ. પલક ભરતકુમાર પંચોલીએ સર્વે સભ્યોને આવકાર્યા.. ગરમાગરમ પ્રીતિભોજન નો આનંદ કરાવવા બદલ શ્રી હર્ષદભાઇ મિસ્ત્રીનો આભાર વ્યક્ત કર્યો તથા મંત્રીશ્રી તેજ પંચોલીએ પુષ્પગુચ્છ આપી બિરદાવ્યા.

મિટિંગ એજન્ડા મુજબ સૌ પ્રથમ શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા તરફથી નવસારી મુકામે યોજાનાર ક્રિકેટ ટુર્નામેન્ટ-૨માં ભાગ લેનાર વ્યારા એકમની ક્રિકેટ ટીમને સ્વર યુથ-વ્યારા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવી અને વિજય બનવાની શુભેચ્છાઓ પાઠવી.

એજન્ડા નં. ૨ મુજબ સહમંત્રી પ્રિયા પંચોલી દ્વારા દ્વિતીય યુવા અધિવેશન-ઉડાન-૨, જે સુરત મુકામે યોજાનાર છે તેના વિશે વિશેષ માહિતી આપવામાં આવી અને તમામ સભ્યોને



કાર્યક્રમમાં હાજર રહેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

એજન્ડા નં. ૩ મુજબ ઉપપ્રમુખ પલક પંચોલીએ વ્યારા ખાતે યોજાનાર વાર્ષિક ઇનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧.૧.૨૦૧૭માં સમયસર હાજર રહી મદદરૂપ બનવા માટે અનુરોધ કરવામાં આવ્યો.

એજન્ડા-૪ મુજબ મંત્રીશ્રી તેજ પંચોલી દ્વારા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત વેબસાઇટના રી-લોન્ચીંગની વિશેષ માહિતીઓ આપી

પ્રમુખશ્રી અંકિતભાઇની નાદુરસ્ત તબિયતને કારણે મંત્રીશ્રી તેજ પંચોલીએ આગળની કાર્યવાહી સંભાળી. જેમાં ગ્રુપના સભ્યો વધુને વધુ એકત્રિત થાય એ હેતુસર નવી નવી પ્રવૃત્તિઓ થાય એ અંગે મંતવ્યો આપવા જણાવ્યું હતું. જેમાં સભ્યો દ્વારા બર્થડે અને એનીવર્સરસ સેલીબ્રેટ થાય તેવો પ્રસ્તાવ રજૂ કર્યો. આગામી મિટિંગમાં આ પ્રવૃત્તિ કરી શકીએ તે અંગે ચર્ચા કરવામાં આવી. સ્વર યુથના નિમવામાં આવેલ સમિતિના સભ્યોનું સ્વર યુથ દ્વારા કરવામાં આવતા વિવિધ મિટિંગ, પોગ્રામમમાં મદદરૂપ થવા માટે વિનંતી કરવામાં આવી.

મિટિંગના અંતે હોદ્દેદારો તેમજ સભ્યો વચ્ચે સંગીત ખુરશીનું આયોજન થયુ હતું. જેમાં પ્રથમ : પ્રીતિ પંચોલી અને દ્વિતીય પાર્સવ પંચોલી વિજેતા થયા હતાં.

આજરોજ નીચે મુજબ દાન મળ્યું હતું.
૨૫૦ અંકિત પંચોલી તરફથી સુપુત્ર ચિ. પંથની વર્ષગાંઠ નિમિત્તે.
૨૫૦ કુ. પલક પંચોલી તરફથી બેંકમાંસર્વિસ મળવાથી.
૭૫૧ વ્યારા ક્રિકેટ ટીમ તરફથી
૧૦૧ મનિષા અલ્પેશ પંચોલી તરફથી એનીર્વરી નિમિત્તે.
અંતમાં સૌનો આભાર માની છુટા પડયા.

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧૯.૧૨.૨૦૧૬ના રોજ તેજસ્વીની મહિલા મંડળની મિટિંગ જ્યોતિબેન ડે. પંચોલીના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. ડિસેમ્બર મહિનામાં ક્રિસમસ આવતીહોય રેડ એન્ડ વ્હાઇટ ડ્રેસ કોડ રાખવામાં આવ્યો હતો બધી બહેનો એ કલરના વસ્ત્રો પરિધાન કરી આવી હતી. પ્રમુખશ્રીએ બહેનોને આવકાર્યા.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. મંત્રીશ્રીમતિ સપનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. સર્વેને રાજભોગ ડ્રીકસથી વેલકમ કરવામાં આવ્યું. આજ રોજ પ્રોજેકટ અનુસાર અભિનયગીત કોમ્પીટીશન રાખવામાં આવી હતી. ચીઠ્ઠી ઉપાડી જે ગીત આવે એ પર અભિનય આપવાનો હતો.. સ્પર્ધાના વિજેતા શ્રીમતિ શેલાબેન અને દ્વિતીય નિકુંજબેન વિજયી બન્યા. દ્વિતીય ગેમ રમાડવામાં આવી જેમાં પ્રથમ નંબરે સપનારેન અને દ્વિતીય નંબરે લીનાબેન વિજેતા થયા.

આ માસમાં આવતી બર્થડે અને એનીવસૃરી વીશ કરવામાં આવ્યા.. હર્ષબેન તથા જ્યોતિબેન એસને બર્થડે વીસ કરી ગીફ્ટ આપી.
૧૦૦ હર્ષબેન-વર્ષગાંઠ નિમિત્તે.
૧૦૦ પ્રિતી મપારા-મેરેજએનીવર્સરી
૧૦૦ લીનાબેન-મેરેજ એનીવર્સરી
૨૦૦ પુત્રી માનસીના લગ્ન નિમિત્તે જ્યોત્સનાબેન તરફથી
૨૦૦ ધ્રુવ ભરતભાઇ પંચોલી ડેન્ટલમાં પ્રથમ ક્રમાકે પાસ થયા તે નિમિત્તે..

## શતમ જીવમ્ શરદ :



બિપીનચંદ્ર પ્રવિણચંદ્ર પંચોલી-સુરત-ઉધના તા. ૧૯.૧૨.૨૦૧૯ ના રોજ ૭૫માં વર્ષમાં પ્રવેશ કરે છે.



ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભાઇ પંચોલી-રાજપીપલા તા. ૧૯.૧૨.૨૦૧૯ ના રોજ ૭૫માં વર્ષમાં પ્રવેશ કરે છે.

બન્ને જ્ઞાતિજનોને સમગ્ર પંચોલી સમાજ જન્મ દિવસના અભિનંદન પાઠવે છે...

## તેજસ્વી તારલા



જાનકી મનિષભાઇ મપારા-વડોદરા
M.Com. M.S. Uni. Second

## એક વાર જાવુ હરિના ધામમાં



તેજગઢ નિવાસી નારણભાઇ મગનભાઇ પંચોલી તા. ૨૪.૧૧.૨૦૧૯ના રોજ હરિના ધામમાં ગયા.



વ્યારા નિવાસી મહેન્દ્રભાઇ કાળીદાસ પંચોલી તા. ૧૯.૧૨.૨૦૧૯ના રોજ કૈવલધામમાં ગયા.



રાજપીપલા નિવાસી ગં.સ્વ. પુષ્પાબેન રસીકલાલ પંચોલી તા. ૨૨.૧૨.૨૦૧૯ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૯૨



મુંબઇ નિવાસી ગં.સ્વ. ઇન્દુમતીબેન સોમાભાઇ મહેતા તા. ૨૯.૧૨.૨૦૧૯ ના રોજ હરિના ધામમાં ગયા ઉ.વ. ૭૩

## હેપી બર્થડે...



ચિ. ખુશી દિપકભાઇ પંચોલી-સુરત તા. ૩.૦૧.૨૦૧૪



ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી-મુંબઇ - શાંતાક્રુઝ તા. ૯.૦૧.૨૦૧૯



ચિ. પ્રનિલ હિમાંશુભાઇ પંચોલી-બોડેલી તા. ૧૩.૦૧.૨૦૧૫



ચિ. દિઆ નિરવકુમાર પંચોલી-રાજપીપલા તા. ૦૭.૦૧.૨૦૧૪

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૦૦/- ઉધના-સુરત નિવાસી શ્રી બિપીનચંદ્ર પ્રવિણચંદ્ર પંચોલી તરફથી ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૧૫૧/- રાજપીપલા નિવાસી શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભાઇ પંચોલી તરફથી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે

રૂા. ૨૫૧/- બીલીમોરા નિવાસી શ્રી વિશાલકુમાર વિનોદચંદ્ર પંચોલી તરફથી પિતાશ્રી વિનોદચંદ્રના સ્મરણાર્થે.

રૂા. ૨૦૧/- બોડેલી નિવાસી શ્રીમતિ ઇન્દિરાબેન(દાદી) તથા શ્રી જગદીશભાઇ એમ. પંચોલી(દાદા) તરફથી પૌત્ર પ્રનિતની વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૧૦૧/- તેજગઢ નિવાસી નારણભાઇ મગનભાઇ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી

રૂા. ૨૫૧/- વડોદરા નિવાસી શ્રી મનિષભાઇ બાબુભાઇ મપારા તરફથી પુત્રી ચિ. જાનકી M.Com. માં એમ.એસ. યુનીવર્સીટીમાં દ્વિતીય ક્રમે ઉત્તિર્ણ થઇ તે નિમિત્તે.

રૂા. ૧૦૧/- રાજપીપલા નિવાસી શ્રી યોગેશભાઇ નગીનભાઇ પંચોલી તરફથી માતૃશ્રી મંજુલાબેનના સ્મરણાર્થે

રૂા. ૧૦૧/- રાજપીપલા નિવાસી શ્રી કૃષ્ણકાંત કાંતિલાલ પંચોલી તરફથી ચિ. કૃણાલના શુભલગ્ન નિમિત્તે..

રૂા. ૨૫૧/- સુરત નિવાસી શ્રી ઇન્દ્રવદનભાઇ બી. પંચોલી તરફથી નવયુગ ભેટ.

રૂા. ૧૦૦/- બીલીમોરા નિવાસી માનનીય કાશ્મીરાબેન અરવિંદભાઇ મિસ્ત્રી તરફથી નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે.

નવયુગ શુભેચ્છક   શ્રી સંજીવ પંચોલી   વડોદરા   શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી   વડોદરા

**Book-Post**

**Printed Book**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**